## સૂરિમંત્રના વિશિષ્ટ આરાધક અને યશસ્વી માંગલિક મુહૂર્તદાતા

# પૂ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

જે આચાર્યભગવંતના અનંત ઉપકારોને અનુભવતા અનેક ભક્તો કૃતાર્થતાનો અનેરો આનંદ પામી રહ્યા છે, જેઓશ્રીની પ્રેરક નિશ્રામાં અનેક સ્થળે જિનેન્દ્રભક્તિમહોત્સવો ભવ્ય સમારોહપૂર્વક યોજાય છે, જેઓશ્રીના પુણ્ય પ્રતાપે જિનશાસનની ધર્મસભાઓ હંમેશાં ગાજતી રહી છે તે પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સમવસરણ મહામંદિરના મુખ્ય મુહૂર્તદાતા શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ વર્તમાન શાસનસમ્રાટ–સમુદાયને વિશિષ્ટ ભક્તિભાવથી પ્રેરી રહ્યા છે.

પૂજ્યશ્રીનો જન્મ સુરત મુકામે સં. ૧૯૮૦ના શ્રાવણ વદ પાંચમે થયો હતો. પિતા શેઠશ્રી ચીમનલાલ ખીમચંદ સ્વરૂપચંદ સંઘવી અને માતા કમળાબહેન ધર્મપરાયણ અને ધર્મસહિષ્ણુ દંપતી હતાં. આ સંસ્કારવારસો પુત્રોમાં પણ ઊતર્યો. સંસારી બંધુઓ–શાંતિભાઈ, બાબુભાઈ, કુસુમભાઈ, જયંતીભાઈ–સૌના તેઓ પ્રિય બંધુ હતા. જૈન ધર્મના સંસ્કારો વચ્ચે ઉછેર થવાથી દેવદર્શન તથા પૂજા–વ્યાખ્યાનશ્રવણ વગેરે સહજ ભાવે થતાં રહ્યાં. આગળ જતાં, જપ–તપ, શાસ્ત્રાભ્યાસ, ચિંતન–મનન અને સ્વાધ્યાય જાણે કે તેમનાં આભૂષણો બની રહ્યાં! પરિણામે ત્યાગવૈરાગ્યની ભાવના બલવત્તર બનતી ચાલી. સં. ૨૦૦૭ના વૈશાખ સુદ પાંચમના શુભ દિને દીક્ષા લીધી. અને સ્વ-પર કલ્યાણક તેમ જ સ્વાધ્યાયરત સાધનામય જીવનનો આરંભ કર્યો. પૂજ્યશ્રીની નિશ્રામાં સુરત શહેરમાં સં. ૨૦૪૧ના ચાતુર્માસમાં જિનશાસનના ઇતિહાસમાં યાદગાર બની રહે એ રીતે સામુદાયિક ૪૦૦ સિદ્ધિતપની ભવ્ય આરાધના થઈ હતી. પૂજ્યશ્રીએ સૂરિમંત્રના પાંચમા પ્રસ્થાનની દસ વાર આરાધના કરી છે. તેમ જ માસક્ષમણ, સિદ્ધિતપ જેવી આરાધના પણ સૂરિપદ પ્રાપ્ત કર્યા બાદ કરી છે. છેલ્લા કેટલાયે સમયથી જિનશાસનમાં થતાં કેટલાંયે વિશિષ્ટ કાર્યોનાં માંગલિક મુહૂર્તો પૂજ્યશ્રીના હસ્તે જ નીકળે છે.

પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજના તેઓશ્રી સંસારી પક્ષે વડીલબંધુ થાય છે. બાલ્યકાળથી જ ધર્મસંસ્કારો દૃઢ થવાથી તેઓશ્રી કલાકો સુધી જપ–જાપમાં નિમગ્ન રહી શકે છે. પરિણામે સમુદાયમાં પણ જપ–તપના ભવ્ય સમારંભો થાય છે. સં. ૨૦૪૨માં સુરતમાં જ સામુદાયિક ૩૦૦ વર્ષીતપની અનુપમ આરાધના થઈ હતી. સામુદાયિક વીશસ્થાનક તપની આરાધનામાં પણ ૨૦૦–૨૫૦ આરાધકો જોડાયા હતા. આ સર્વ તપનાં ભવ્ય ઉજમણાંઓએ તો વળી સોનામાં સુગંધ જેમ, શાસનપ્રભાવનામાં ઓર ઉમેરો કર્યો હતો. આ આરાધક મહાપુરુષને સં. ૨૦૨૪ના વૈશાખ સુદ ૧૦ના શુભ દિવસે સુરતમાં ગણિપદવી, સં. ૨૦૨૯ના મહા સુદ ૧૧ના શુભ દિવસે અમદાવાદમાં પંન્યાસપદવી, સં. ૨૦૩૩ના ફાગણ સુદ ૩ના શુભ દિવસે સોજિત્રામાં ઉપાધ્યાયપદ અને સં. ૨૦૩૪ના ફાગણ સુદ ૩ના શુભ દિવસે મુલુન્ડ–મુંબઈમાં આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યાં. પૂજ્યશ્રીના શિષ્યપરિવારમાં પૂ. ગણિ શ્રી પુણ્યચંદ્રવિજયજી, પૂ. ગણિ શ્રી સોમચંદ્રવિજયજી, મુનિ શ્રી કૈલાસચંદ્રવિજયજી, મુનિશ્રી પ્રશમચંદ્રવિજયજી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ વિરાજે છે. પૂ. ગણિ શ્રી પુષ્પચંદ્રવિજયજીના શિષ્ય તપસ્વી મુનિ શ્રી પુણ્યચંદ્રવિજયજી છે. પૂ. ગણિ શ્રી સોમચંદ્રવિજયજી સંસારીપક્ષે તેઓશ્રીના ભત્રીજા થાય છે. પૂજ્ય સાગરજી મહારાજના સમુદાયમાં પૂ. સાધ્વીજી યશસ્વિનીશ્રીજી સંસારીપક્ષે તેઓશ્રીનાં બહેન થાય છે. એટલું જ નહિ, પૂજ્યશ્રીના પ્રશિષ્યોની પણ ઉજ્જ્વલ પરંપરા છે. જાપાનના કોબે જિનાલયની તથા લેસ્ટરના જિનાલયની પ્રતિષ્ઠાનાં મંગલ મુહૂર્તો પૂજ્યશ્રીએ કાઢી આપ્યાં છે. એવા એ પ્રખર શાસનપ્રભાવક આચાર્યદેવને કોટિશઃ વંદન !

શબ્દાદિ શાસ્ત્રતણા વિષયમાં જેહની પ્રતિભા ત્રણી,
વળી પૂર્ણિમાએ જન્મ સાધ્યો પૂર્ણતા વરવા ભણી;
શ્રી દેવસૂરિચરણકમલે મધુકર સમાજે ગુંજતા,
લઘુ હેમચંદ્ર શું અવતર્યા કલિકાલમાં ફરી દીસતા.

# પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ

શીલની શોભા અને પ્રજ્ઞાની પ્રભા ક્યારેય ઝાંખી પડતી નથી. આ તો જીવન–સાધનાની સનાતન શક્તિઓ અને આત્માની અમરતાના ઓજસને પ્રગટાવનારું દિવ્ય રસાયણ છે. અને જે એની સાચા અંતરથી આરાધના કરે છે તેને એ આંતરિક ગુણસંપત્તિથી ન્યાલ કરી દે છે. સાધુતાનો રાહ આ શીલ–પ્રજ્ઞાની સાધનાનો ભવ્ય રાહ છે, અને એ રાહનો પુણ્યયાત્રી બનેલો માનવી નિર્ભયતાનું કવચ, નિખાલસતાનું શસ્ત્ર અને નિર્દોષતાનું બળ ધારણ કરીને સંસારના સમરાંગણમાં વિજય પ્રાપ્ત કરે છે. એવો અદ્ભુત વિજય, કે જેમાં કોઈનો પરાભવ કરવાને બદલે, સૌની સાથેના વેર–વિરોધને શમાવી દે છે, વિશ્વના નાના–મોટા સમસ્ત જીવો સાથે મિત્રતાનો મંગલકારી નાતો બાંધે છે. શીલ–પ્રજ્ઞા કે જ્ઞાનક્રિયાની સાધનાનો આ રાહ એટલે સમતા, અહિંસા, કરુણા, વાત્સલ્ય અને સત્યને પામવાનો રાહ અને સચ્ચિદાનંદ મંગલ મંદિરનું પ્રવેશદ્વાર. છેક પ્રાચીન સમયથી કંઈક જીવનસાધક સંતો આ માર્ગને સમજ અને ઉલ્લાસથી અપનાવતા રહ્યા છે, અને સાધુસંતોની પરંપરાને, નીતિ–સદાચારની ભાવનાને અને ધર્મપ્રભાવનાની જ્યોતને અખંડિત રાખતા રહ્યા છે. માનવજીવનને સફળ અને ઉજ્જ્વળ બનાવવાનો એક માત્ર આ જ માર્ગ છે. એ માર્ગથી અજાણ્યા કે એ માર્ગને વીસરી જનારા વ્યક્તિ કે સમૂહ માનવજીવનને દાનવજીવનથી કે પશુજીવનથી જુદું પાડતી ભેદરેખાને ભૂંસી નાખીને માનવજીવનની મહત્તા અને ગુણવત્તા ગુમાવી બેસે છે. દુનિયામાં ધર્મભાવનાની જ્યોતને ઝળહળતી રાખીને માનવદેહ ધારીને સાચો માનવી બનવાનો રાહ બતાવવામાં ભગવાન તીર્થંકરોએ પ્રરૂપેલી શ્રમણસંસ્કૃતિએ જે ફાળો આપ્યો છે તે અસાધારણ અને અમૂલ્ય છે. પ્રત્યેક આત્મામાં પરમાત્મા કે પરમેશ્વર છુપાયો છે અને ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થને બળે કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે એવું જૈન ધર્મનું ઉદ્બોધન ભગવાન તીર્થંકરના ધર્મશાસનને અન્ય ધર્મશાસનોથી જુદું પાડે છે, અને આ જ જૈનશાસનનું

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org